**વિરમગામનાં મહે. એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં,**

**મુ.પો.તા.વિરમગામ, જી.અમદાવાદ(ગ્રામ્ય).**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૦–૦૯–૨૦૨૫ |
| રજી. તારીખ | ૧૦–૦૯–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૩–૦૯–૨૦૨૫ |
| અવધિ | ૦૦ વર્ષ, ૦૦ માસ, ૦૩ દિવસ |

**ફોજદારી કેસ નંબર:– ૨૬૨૦/૨૦૨૫**
**આંક :– ૧૩**

શ્રી સરકાર. **::: ફરીયાદી**

**::: આરોપી**

(૧) કેશાભાઇ પાલાભાઇ પરમાર (૨) પ્રેમજીભાઇ મેરાભાઇ પરમાર

(૩) કમાભાઇ દલાભાઇ રોઠાડ (૪) દલસુખભાઇ ભોપાભાઇ કો.પટેલ

(૫) કિરણભાઇ કેશાભાઇ પરમાર (૬) કાળુભાઇ પોપટભાઇ રાઠોડ

તમામ રહે. મુ. થોરી થાંભા ગામ, તા. વિરમગામ જિ. અમદાવાદ

**ગુનો :– જુગાર ધારની કલમ –૧૨ મુજબ.**

**–:: ચુકાદો ::–**

**(૧)** ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરો પીઓ જાહેરમાં ગંજીપાનાથી પૈસાથી હાર–જીતનો તીનપત્તીનો જુગાર રમી–રમ તા પકડાયેલ જેમાં કુલ રોકડ રૂ.૧૬૧૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલો છે.

**(૨)** આ કામના આરોપીઓને સમન્સ કરતા, તેઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. બાદમાં આરોપીઓની પ્લી અનુક્રમે આંક– ૦૫ થી ૧૦ મુજબ નોંધવામાં આવેલ છે. બાદ આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક રીતે એકરાર કરેલ છે. તેમજ તેઓએ અલગથી તેમની વિરુધ્ધના ગુનાની કબુલાત પુરસીસ આંક– ૧૧ થી રજુ કરેલ છે.

**ફોજદારી કેસ નંબર:– ૨૬૨૦/૨૦૨૫**

**(૩)** આમ આરોપીએ તેમની સામેના ગુનાનો સ્વૈચ્છીક રીતે સ્વીકાર કરેલ છે. આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોઈ અને ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો ફરીથી નહી કરવાની ખાત્રી આપે છે. તેમના સિવાય તેમના કુટુંબનું ગુજરાન કરવા વાળુ કોઈ નથી, ઘરમાં તેઓ એકમાત્ર મુખ્ય કમાનાર વ્યકિત છે, કુટુંબી પરીવાર સાથે છે અને તેમની ઉપર દયા કરવા વિનંતી કરેલ છે. આમ આરોપીની કબુલાત ધ્યાને લેતા, તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ હોઈ તેમની કબુલાત સ્વીકારવામાં આવે છે. આ કામે આરોપીઓ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોય તેને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. તેથી તેઓને કાયદામાં ઠરાવેલ સજા કરવી જોઈએ તેમ માનુ છું. પરંતુ તેમની કબુલાત પુરસીસ વંચાણે લેતા તથા તેમની રજુઆત ધ્યાને લેતા, તથા કેસના સંજોગો અને સજાની જોગવાઈ ધ્યાને લેતા, આ કામે આરોપીઓએ કાયદાની આંટીઘુંટી નો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલ છે. જેથી આરોપીઓની ગુનાની કબુલાતનો સ્વીકાર કરી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–: આખરી હુકમ :–**

**(૧) આ કામના આરોપીઓ**

(૧) કેશાભાઇ પાલાભાઇ પરમાર (૨) પ્રેમજીભાઇ મેરાભાઇ પરમાર
(૩) કમાભાઇ દલાભાઇ રોઠાડ (૪) દલસુખભાઇ ભોપાભાઇ કો.પટેલ
(૫) કિરણભાઇ કેશાભાઇ પરમાર (૬) કાળુભાઇ પોપટભાઇ રાઠોડ

તમામ રહે. મુ. થોરી થાંભા ગામ, તા. વિરમગામ જિ. અમદાવાદ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી, પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **આરોપી દિઠ રૂા. ૨૦૦/–( અંકે રૂપીયા બસો પુરા) લેખે કુલ રુપિયા (૨૦૦ * ૬) રૂ. ૧૨૦૦/– પુરા નો દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેની કસુર બદલ દિન–૨ (બે) ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો બિન કિમતી મુદ્દામાલ જો હોય તો તેનો નાશ કરવો તથા અન્ય મુદ્દામાલ મોબાઇલ/લેપટોપ/ઇલેકટ્રોનીક ગેઝેટ/વાહન જો આરોપીએ આવો મુદ્દામાલ છોડાવેલ ન હોય તો જે તે મુદ્દામાલ પી.આઇ.શ્રીએ માલીકી અંગેની ખરાઇ કરીને માલિકને પરત સોંપવો અને જો કોઇ માલીક ના હોય તો જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સરકાર ખાતે જમા કરાવી તેના ચલણ ની એક નકલ અત્રેની કોર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:– ૧૩ મી, માહે:– સપ્ટેમ્બર , સને:– ૨૦૨૫ નાં રોજ રાખવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:–વિરમગામ.
તા. ૧૩ /૦૯ / ૨૦૨૫

( કિર્તી શર્મા)
સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ તથા
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વિરમગામ.
Code No. GJ01721